# શહેરમાં વધુ સાડા ત્રણ ઈંચ વરસાદ

**સતત ત્રીજા દિવસે વરસાદના લીધે સેકટરોમાં પાણીનો ભરાવો : કાદવ કિચ્ચડ વચ્ચે ગાબડા અસ્તિત્વમાં આવ્યા : ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી : જનજીવન અસ્તવ્યસ્ત**

ગાંધીનગર તા ૨૪

સમગ્ર રાજયમાં વરસાદી વાદળો મનમુકીને વરસતા ચોમેર પાણી પાણી જોવા મળી રહયુ છે. જયારે સાબરકાંઠામાં આજે આકાશી રાજયમાં કેટલાક ઠેકાણે વરસાદી કહેરના લીધે શહેરો પાણીમાં ગરકાવ થયા છે. આ સ્થિતિ વચ્ચે સરકારી તંત્રએ સેનાની મદદ લઈને બચાવ કાર્ય હાથ ધર્યુ છે. ત્યારે હજુ પણ બે દિવસ અતિભારે વરસાદની વકી છે. બીજીતરફ ગાંધીનગરમાં પણ સતત ત્રીજા દિવસે વરસાદ યથાવત રહયો હતો. દિવસના ઝરમરિયા વરસાદની સાથે રાત્રિના ધોધમાર વરસી જતા મેઘરાજાના લીધે સેકટરોમાં પાણી ઉભરતા જોવા મળી રહયા છે. ગઈકાલે રાત્રિના અઢી ઈંચ વરસાદના લીધે સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસવાનુ ચાલુ રહયુ હતુ. જેના લીધે શાળાએ જતા વિદ્યાર્થીઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. સતત વરસાદના લીધે માટી પોલાણ થતા સેકટરોમાં ઘણાં ઠેકાણે ગાબડા જોવા મળ્યા હતા. આ ઉપરાંત કેટલાક ઠેકાણે તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા માર્ગ વચ્ચે આડશ બનેલા વૃક્ષોના લીધે રસ્તા બ્લોક થઈ ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર





આફતનો નજારો સર્જાયો છે. ગાંધીનગરમાં પણ આજે સતત ત્રીજા દિવસે પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં નગરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. ગત રાત્રિ દરમિયાન જ ધોધમાર અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે આજે દિવસ દરમિયાન પણ એક ઈંચ વરસાદ થયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. શહેરમાં અત્યારસુધી સિઝનનો ૨૧ ઈંચ વરસાદ થયો છે. આજે સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદ ચાલુ રહેતા નગરનુ જનજીવન અસ્તવ્યસ્ત થયુ છે. સતત વરસાદના લીધે વરસાદી સમસ્યાઓ પણ સેકટરોને ઘેરી વળી છે.

## પાર્કીંગ પ્લેસ પર ગાબડુ : કારનુ પૈડુ ખુપી ગયુ

વરસાદના દિવસોમાં ઠેર ઠેર માટી પોલાણ થવાના લીધે અકસ્માતો સર્જાય છે. જયારે સતત વરસાદના લીધે સેકટરોમાં ખોદકામના ઠેકાણે



માટીમાં વાહનો ખુપી જતા હોવાના પણ કિસ્સાઓ ધ્યાને આવી રહયા છે. નગરના પાર્કીંગ પ્લેસમાં પણ આવી જ સ્થિતિ છે. વરસાદી સંજોગોમાં પાર્કીંગ પ્લેસ પર પણ મોટા ગાબડા જોવા મળી રહયા છે. પાર્કીંગ પ્લેસ પર આડ દિવસે લારી ગલ્લાના દબાણોનો અડ્ડો જોવા મળે છે. જયારે વરસાદી દિવસોમાં આમ નાગરિકોના વાહનો પણ ખુપી જાય તેવી સ્થિતિ છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર પોલાણ થતા વાહનચાલકો અટવાયા હતા. સે-૧૬ માં પેટ્રોલ પંપ પાસેના સર્વિસ માર્ગ પર એક કારનુ પૈડુ પોલાણમાં ગરકાવ થતા કારચાલક મુશ્કેલીમાં મુકાયા હતા.

## નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત

શહેરમાં સતત વરસાદી માહોલના લીધે રોજબરોજ માર્ગ વચાળે વૃક્ષો જમીનદોસ્ત થયેલા જોવા મળી રહયા છે. આજે પણ વરસાદી વાતાવરણમાં સેકટરોના વિવિધ માર્ગો પર વૃક્ષો આડશ બનીને પડેલા જોવા મળ્યા હતા. જયારે હજુ પણ શહેરમાં ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે વરસાદી સંજોગોમાં ગમે ત્યારે આ વૃક્ષો જાનલેવા પુરવાર થાય તેવી દહેશત છે. નગરના મુખ્ય માર્ગોની આસપાસ તેમજ ખાસ કરીને સેકટરોને જાડતા આંતરિક માર્ગો આસપાસ નમી પડેલા વૃક્ષો ભયજનક હાલતમાં જોવા મળી રહયા છે. ગ માર્ગ પર નમી પડેલા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. વરસાદી દિવસોમાં નમી પડેલા જોખમી વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેમ છે. ત્યારે વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો ત્વરિત દુર કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## આજે શહેરની શાળા કોલેજો બંધ રહેશે

રાજયમાં આકાશી આફતના નજારા વચ્ચે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ઠેર ઠેર વરસાદી પાણી આફત બનીને શહેરોને ઘમરોળતા રાહત બચાવ કાર્યમાં સમગ્ર તંત્ર કામે લાગ્યુ છે. ત્યારે મહેસાણા , હીંમતનગર અમદાવાદ સહીતના વિસ્તારોમાં જિલ્લા કલેકટર દ્વારા શાળાઓ બંધ રાખવાનો આદેશ જારી કરી દેવાયો છે. ભારે વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. માર્ગો પર માટી પોલાણની સાથે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વૃક્ષો ધરાશાયી થવાના કિસ્સાઓના લીધે પણ જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદના લીધે નગરનુ જનજીવન અસ્તવ્યસ્ત થયુ છે. ગાંધીનગરની મોટાભાગની શાળાઓમાં આજે વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. પરંતુ કેટલીક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ હતુ. ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. હજુ પણ આગામી દિવસોમાં અતિભારે વરસાદના સંજોગોને ધ્યાને લઈ જિલ્લા કલેકટર દ્વારા જિલ્લાની તમામ શાળા કોલેજોમાં તા ૨૫ જુલાઈના રોજ રજા જાહેર કરી દેવામાં આવી છે.

## શહેરમાં ત્રણ ઠેકાણે રસ્તા બ્લોક : ૪૯ વૃક્ષો ધરાશાયી





ગાંધીનગર તા ૨૪

શહેરમાં ભારે વરસાદના લીધે આજે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે ભારે વરસાદના લીધે નગરના માર્ગો પર કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા માર્ગો પર આડશ સર્જાઇ હતી. વૃક્ષો ધરાશાયી થવાના લીધે ગ-૩ થી વાવોલ તરફ જવાનો માર્ગ તેમજ સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજના પાછળના સર્વિસ રોડ પર અને મીના બજાર તરફ જવાના આંતરિક માર્ગ પર આડશ ઉભી થઈ હતી. ગ- ૩ પાસે તોતિંગ વૃક્ષ પડતા આખો માર્ગ બ્લોક થઈ ગયો હતો. માર્ગ વચાળે જ વૃક્ષો જમીન દોસ્ત થયેલા હોવાથી રસ્તા બ્લોક થઈ ગયા હતા. સે-૮ માં પણ સરકારી આવાસના બ્લોક નજીક સર્વિસ રોડના વળાંક પર જ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. સતત વરસાદના લીધે વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા નગરમાં ઠેર ઠેર વૃક્ષો પડી ગયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે સેકટરોમાં આંતરિક માર્ગો પર કેટલાક ઠેકાણે વૃક્ષોના ડાળા પણ તુટી ગયેલા જોવા મળ્યા હતા. માર્ગ વચાળે જ વૃક્ષો આડશ બનતા વરસાદ દરમિયાન ટ્રાફિક અટવાયો હતો. શહેરના સેકટરો ઉપરાંત રાંધેજા અને વાસણ ગામ સહીતના વિસ્તારમાં પણ વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જેના લીધે રાહદારીઓએ વરસતા વરસાદમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

# મેઘ મ્હેરથી જિલ્લો તરબોળ બન્યો

**ભાટમાં વીજકરંટથી એક પશુનુ મોત : છાલા-વાસનમાં બે મકાનોની દિવાલ ધસી પડી કોઈ નુકશાન નથી થયુ : નર્મદા કેનાલનું ગાબડુ યુદ્ધના ધોરણે મરામત કરાયુ : માણસામાં ૨૦૦નું સ્થળાંતર કરાયું : કલોલ-માણસામાં ૪ ઈંચ તો ગાંધીનગર-દહેગામમાં ૩ ઈંચ વરસાદ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લો મેઘ મહેરથી જળ તરબોળ થઈ જવા પામ્યો છે. જિલ્લામાં આજે પણ સાર્વત્રિક વરસાદના અહેવાલો વચ્ચે ૧ પશુધનનું મોત નીપજવાના અહેવાલ પણ આવ્યા છે તો બે બિન-રહેણાંક મકાનોની દિવાલ પડી જવાની ઘટનાઓ પણ નોંધાઈ છે. માણસામાં ૨૦૦ જેટલા લોકોનું સ્થળાંતર ભારે વરસાદને પગલે કરવામાં આવ્યું છે.

## સંત સરોવરમાં વહેલી સવારે પાણી પહોંચશે

ધરોઈ બંધમાં પાણીની થઈ રહેલી આવકના પગલે રાત્રે પાણી છોડવાના લેવાયેલા નિર્ણયને કારણે ગાંધીનગર સંત સરોવરમાં વહેલી સવારે પાણી પહોંચશે.સંત સરોવરમાં પાણી વહેલી સવારે આવી પહોંચશે તેમ જાણવા મળેલ છે. આજે સાંજે ધરોઈ તરફથી એલર્ટ મળતાં જ પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, કિશોર ભાલોડિયા, ગાંધીનગર મામલતદાર જોશી, તા. વિકાસ ગાંધીનગર અને અન્ય મહેસુલી અધિકારીઓ સંબંધિત નદીકાંઠાના ગામોમાં પહોંચી ગયા હતા તેમજ લોકોને નદી કિનારે નહિ જવા, પડી જાય તેવા વૃક્ષો નીચે નહિ ઉભા રહેવા, વીજ-થાંભલાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે દિવસ દરમ્યાન ૩ થી ૪ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાતા તેની જનજીવન પર અસરો પડી હતી. જિલ્લામાં આજે પણ ભારે વરસાદને પગલે શાળા-કોલેજો બંધ



રહી હતી અને મંગળવારે પણ રજા પાળશે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યું છે.

માણસા તાલુકામાં આજે દિવસ દરમ્યાન સવારના ૮ થી ૬ દરમ્યાન ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ભારે વરસાદને પગલે માણસા નગરપાલિકાની હદમાં આવેલ આંબા તળાવ વિસ્તારની આસપાસના ૨૦૦ જેટલી વ્યક્તીઓને સલામત સ્થળે તંત્ર દ્વારા ખસેડી લેવામાં આવ્યા છે.

માણસામાં સતત બીજે દિવસે પણ ભારે વરસાદ થતાં ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ સામે આવી છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રભારી સચિવ-કલેક્ટર-ડીડીઓ માણસા પહોંચ્યા

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદને પગલે પ્રભારી સચિવોને તેમના જિલ્લાઓમાં પહોંચવાના સરકારે કરેલા હુકમને પગલે પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, પ્રાંત અધિકારી ભાલોડિયા સહિતના અધિકારીઓ માણસા પહોંચ્યા છે. પ્રભારી સચિવશ્રીએ સ્થળાંતર કરાયેલ પરિવારોની મુલાકાત લીધી હતી તેમજ તંત્ર દ્વારા ધરોઈમાંથી છોડવામાં આવનાર પાણીને પગલે નદી કિનારાના ગામોમાં તંત્ર દ્વારા લેવાયેલ પગલાંઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

## સવા લાખ ફૂડ પેકેટ્સ બનાસકાંઠા આજે તંત્ર દ્વારા મોકલવામાં આવશે

બનાસકાંઠામાં મેઘતાંડવથી સર્જાયેલ તારાજીમાં લોકોને ફૂડ પેકેટ મોકલવાનું તંત્રએ બીડુ ઉપાડ્યું છે. આજે સવા લાખ જેટલા ફૂડ પેકેટ બનાવી રવાના કરવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે જિલ્લાની સ્વૈચ્છીક સંસ્થાઓનો સહયોગ લેવામાં આવ્યો છે. જેમાં ડભોડા હનુમાનજીનું મંદિર, વરદાયિની માતા રૂપાલ, અક્ષરધામ ગાંધીનગર, ધોળેશ્વર મહાદેવ ધોળાકુવા, મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા, ત્રિમંદિર અડાલજ અક્ષયપાત્ર સહિતની સંસ્થાઓમાં આ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. અન્ય સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે પણ વાત ચાલી રહી હોવાનો સંકેત તેમણે આપ્યો હતો.


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કૌશિકકુમાર જયંતિલાલ જાની
જ.તા. ૨૬-૭-૧૯૬૫, અષાઢ વદ-૧૩ને સોમવાર
સ્વ.તા. ૨૫-૭-૨૦૧૬, અષાઢ વદ-૬ને સોમવાર

આપ અમારા સાચા પથદર્શક હતા. અમારા પ્રેરકબળ હતા... આપના સદ્‌ગુણો અને સંસ્કારનો વારસો પ્રાપ્ત કરતા અમે કૃતાર્થ બન્યા છીએ... આપનો ઉદાર અને મિલનસાર સ્વભાવ હંમેશા અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરતો રહેશે...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના....

લિ.
સુધીરકુમાર જયંતિલાલ જાની
ભુપેન્દ્રકુમાર જયંતિલાલ જાની
દિપકકુમાર કૃષ્ણકાન્ત જાની
જીજ્ઞેશકુમાર કૃષ્ણકાન્ત જાની
કપીલકુમાર કનૈયાલાલ જાની
જયંતિલાલ દશરથલાલ જાની
કૃષ્ણકાન્ત દશરથલાલ જાની
કનૈયાલાલ દશરથલાલ જાની

ફર્મ
સ્મીત કલરલેબ, ગાંધીનગર
પાયલ કલર લેબ, ગાંધીનગર
પાયલ કલર લેબ, વિસત
મો. ૯૪૨૬૬૩૦૬૫૨, ૯૮૯૮૦૩૦૬૫૨, ૯૮૨૫૫૮૬૧૩૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com